પરવિવાહકરણેત્વરપરિગૃહીતાપરિગૃહીતાગમનાનંગક્રીડા-
તીવ્રકામાભિનિવેશાઃ ---- 7-23

પરવિવાહકરણ - ઇત્વરપરિગૃહીત - અપરિગૃહીતાગમન-
અનંગક્રીડા - તીવ્રકામાભિનિવેશાઃ ---- 7-23

સૂત્રાર્થ: પરવિવાહકરણ, ઇત્વરપરિગૃહીતાગમન, અપરિગૃહીતાગમન, અનંગક્રીડા અને તીવ્રકામાભિનિવેશ એ પાંચ સ્થૂલ મૈથુન વિરમણ (બ્રહ્મચર્ય) વ્રતના અતિચારો છે.

ભાવાર્થ: સ્વદારા સંતોષ અથવા પરદારાવિરમણ વ્રત. પુરુષે પોતાની પત્નીની સાથે અને પત્નીએ પોતાના પતિની સાથે વિષયસુખમાં સંતોષ માનવો, અન્યની ઇચ્છા ન કરવી તે આવું સ્વદારાસંતોષ વ્રત છે જેના પાંચ અતિચારો છોડવા જેવા છે.

(૧) પરવિવાહકરણ: પારકાના દીકરા-દીકરીઓના વિવાહ કરાવવા અને તેમાં આગળ પડતો ભાગ લેવો ને અતિચાર. જેમ પરના સંતાનોના વિવાહમાં અતિચાર લાગે તેમ પોતાના સંતાનોના વિવાહમાં પણ અતિચાર લાગે. પરંતુ પોતાના સંતાનોનો જો પોતે લગ્નનો વ્યવહાર ન કરે તો સંતાનો સ્વચ્છંદાચારી (દુરાચારી) બને. તેથી તેનો ઉલ્લેખ અહીં કર્યો નથી. "મૈથુન નહી સેવું અને નહી સેવરાવું" એવું વ્રત છે. આ તો હું માત્ર વિવાહ કરાવું છું. મૈથુન સેવતો નથી કે સેવરાવતો નથી આવી બુદ્ધિ હોવાથી વ્રતસાપેક્ષતા છે. પરંતુ પરમાર્થદ્રષ્ટિએ મૈથુનને ઉત્તેજન મળતું હોવાથી વ્રતભંગ પણ છે માટે અતિચાર ગણાય છે.

(૨) ઈત્વરપરિગૃહીતાગમન: ઈત્વર એટલે થોડો સમય. પરિગૃહીતા એટલે સ્વીકારેલી સ્ત્રી. ગમન એટલે સંગ કરવો. એટલે કે લગ્ન કર્યાને બદલે અમુક સમય માટે પૈસાદિ આપીને પોતાની પત્ની તરીકે જે સ્ત્રી પોતાની સાથે રહેતી હોય તે ઈત્વરપરિગૃહીતા. તેની સાથે મૈથુન સેવવું તે ઈત્વરપરિગૃહીતાગમન. તે સમયમાં બીજા વેશ્યાગમનને આશ્રી અણુવ્રતનો અતિચાર કહ્યો કારણકે પોતાને ભાડે રાખેલી હોવાથી તે તેટલા સમય માટે પોતાના દ્વારા ગ્રહણ કરાયેલી કહેવાય અર્થાત્ તે પરદારા કહેવાય. અહીં પરદારાગમન હોવા છતાં તેને વ્રત ભંગ ન કહેતા અતિચાર કહ્યો તેનું કારણ એ છે કે આવી સ્ત્રીને ભોગવનાર વ્યક્તિ મનમાં એમ માને છે કે હું તો વેશ્યા અથવા ગમે તે સાધારણ સ્ત્રી ભોગવું છું એવી બુદ્ધિ હોવાથી વ્રત સાપેક્ષતા છે. ભાડાથી પણ પરવ્યક્તિએ પોતાની માલિકીની બનાવેલી છે માટે પરદારા છે. તેથી આંશિક વ્રતભંગ છે. માટે અતિચાર કહેવાય છે.

(૩) અપરિગૃહીતાગમન: જે સ્ત્રી કોઈએ પત્ની તરીકે સ્વીકારાઈ નથી તે અપરિગૃહીતા જેમકે વેશ્યા, અનાથ સ્ત્રી, કુમારિકા. આવી અપરિગૃહીતા સ્ત્રીનો ઉપભોગ કરવો તે અપરિગૃહીતાગમન. આવી સ્ત્રી પરદારા (કોઈની પત્ની) નથી એવી બુદ્ધિ છે તો વ્રત સાપેક્ષતા છે. પરંતુ સ્વદારા સિવાયની સ્ત્રી લોકવ્યવહારમાં પરસ્ત્રી ગણાય. તેની સાથે સંસાર વ્યવહાર કરવામાં આંશિક વ્રતભંગ છે. તેથી અતિચાર કહેવાય છે.

(૪) અનંગક્રીડા : અસ્વાભાવિક રીતે - સૃષ્ટિ વિરુદ્ધનું કામસેવન તે અનંગક્રીડા. મૈથુનસેવન માટેના અંગો (યોનિ અને પ્રજનન) સિવાયના અંગો વડે કામ ક્રીડા કરવી તે અનંગક્રીડા.

(૫) તીવ્ર કામાભિનિવેશ :

તીવ્ર મોહનીય કર્મના ઉદયથી - મૈથુન સેવનની તીવ્ર ઇચ્છાથી મૈથુનસેવન કરવું.

પરસ્ત્રી વિરમણ કે સ્વદારાસંતોષ એ બંને પ્રકારમાંથી ગમે તે રીતે બ્રહ્મચર્ય વ્રત સ્વીકારનારને મૈથુનસેવનનો ત્યાગ છે. પરંતુ અનંગક્રીડા કરવાનો ત્યાગ નથી તથા તીવ્ર કામવાસનાથી મૈથુનસેવનનો સાક્ષાત્ ત્યાગ નથી. આ દૃષ્ટિએ અનંગક્રીડા અને તીવ્રકામાભિનિવેશ એ બંનેથી વ્રત ભંગ થતો નથી. બ્રહ્મચર્યનું ધ્યેય કામની વાસનાનો નાશ કરવાનું છે. આ બંનેમાં ધ્યેયનું પાલન થતું નથી. કારણ કે બંનેથી કામભોગોની વાસના પુષ્ટ થાય છે. આથી પરમાર્થદૃષ્ટિએ આ બંને પ્રકારના કામસેવનનો પણ ત્યાગ થઈ ગયો હોવાથી વ્રતભંગ થાય છે. આમ અનંગક્રીડા અને તીવ્રકામાભિનિવેશમાં અપેક્ષાએ વ્રતનો અભંગ અને અપેક્ષાએ ભંગ હોવાથી બંને અતિચાર ગણાય છે.

ક્ષેત્રવાસ્તુ - હિરણ્યસુવર્ણ - ધનધાન્ય - દાસીદાસ -
કુપ્ય પ્રમાણાતિક્રમા : .... ૭-૨૪

સૂત્રાર્થ: ક્ષેત્ર-વાસ્તુ, હિરણ્ય-સુવર્ણ, ધન-ધાન્ય, દાસી-દાસ અને કુપ્ય એ પાંચના પ્રમાણમાં અતિક્રમ (વધારો) એ પાંચ અતિચારો સ્થૂલ પરિગ્રહ વિરમણ વ્રતના છે.

ભાવાર્થ: પાંચમા પરિગ્રહ પરિમાણ વ્રતના પાંચ અતિચારો આ પ્રમાણે છે.

(૧) ક્ષેત્ર-વાસ્તુ પ્રમાણાતિક્રમ: ખેતી કરવા યોગ્ય ખુલ્લી જગ્યા તે ક્ષેત્ર (ખેતર), વસવાટ યોગ્ય બાંધેલી ભૂમિ તે વાસ્તુ (ઘર-દુકાન-હવેલી). તેનું ધારેલું જે માપ અર્થાત્ ધારેલા પ્રમાણથી અધિક ક્ષેત્ર-વાસ્તુની ખરીદી કરવી તે ક્ષેત્ર-વાસ્તુ પ્રમાણાતિક્રમ. અહીં ધારેલા પ્રમાણ કરતા વધારે ક્ષેત્ર કે ઘર લીધા નથી વ્રતભંગ પરંતુ વચ્ચેની સીમા તોડીને બે ક્ષેત્રનું એક ક્ષેત્ર અને બે ઘરનું એક ઘર કરી વ્રતરક્ષાનો પરિણામ હોવાથી આંશિક વ્રતભંગ તે અતિચાર કહેવાય.

(૨) હિરણ્ય સુવર્ણ પ્રમાણાતિક્રમ:- હિરણ્ય એટલે રૂપુ (ચાંદી), અને સુવર્ણ એટલે સોનું. ઉપલક્ષણથી કિંમતી રત્નો, રોકડનાણું, શેરો, CD's, વગેરે. વ્રતગ્રહણ કરતી વખતે જે માપ ધાર્યું હોય તેનાથી અધિક રાખવું તે હિરણ્ય-સુવર્ણ પ્રમાણાતિક્રમ.

અહીં વધારે રાખે તો વ્રતભંગ થાય એમ સમજી ખરીદી નો લે પરંતુ બીજાને ત્યાં રાખે અથવા માલિકને પૈસા આપી દે અને કહે કે હમણાં તમારી પાસે રાખો અવસરે હું લઈશ. અથવા ખરીદીને પત્નીના નામે, પુત્રના નામે ચઢાવે પરંતુ અંતર્ગત માલિકી પોતાની હોય ત્યાં વ્રતસાપેક્ષતા હોવાથી આંશિકભંગના કારણે અતિચાર કહેવાય.

(૩) ધન-ધાન્ય પ્રમાણાતિક્રમ :- પોતાની માલિકીના ચાર પગા પશુઓ તે ધન અને ઘઉં, ચોખા, કઠોળ વગેરે ધાન્ય.

ધન ચાર પ્રકારે કહ્યું છે.

(૧) ગણિમ :- જે વસ્તુઓ ગણીને લેવાય જેમકે શ્રીફળ, સોપારી..
(૨) ધરિમ :- જે વસ્તુઓ ધારીને-તોળીને લેવાય. જેમકે ગોળ, ખાંડ..
(૩) મેય :- જે વસ્તુઓ માપીને કે ભરીને લેવાય જેમકે ઘી, તેલ, કાપડ
(૪) પરિચ્છેદ્ય :- જે વસ્તુ કસીને, પરીક્ષા કરીને લેવાય જેમકે સોનું, ચાંદી

આ ચાર પ્રકારના પદાર્થો તે ધન તેમજ ધાન્ય નું ધારેલા પ્રમાણ થી અધિક ધન-ધાન્યનો સ્વીકાર કરવો તે ધન-ધાન્ય પરિગ્રહ પરિમાણ અતિક્રમ કહેવાય. અહીં પણ વ્રત ભંગ થવાના ભયથી બીજાની પાસે રાખે અથવા બીજાના નામે રાખે તો વ્રતસાપેક્ષતા હોવાથી આંશિક વ્રતભંગના કારણે અતિચાર કહેવાય.

(૪) દાસી-દાસ પ્રમાણાતિક્રમ :- ઘરમાં પગારદાર તરીકે કામ કરતી સ્ત્રી તે દાસી અને પગારદાર તરીકે કામ કરતો પુરુષ તે દાસ. ઉપલક્ષણથી પાળેલા પક્ષીઓ મોર-પોપટ વગેરેનું જે માપ ધાર્યું હોય તેનું ઉલ્લંઘન કરવું તે અતિચાર.

(૫) <u>કુપ્ય પ્રમાણાતિક્રમ</u>:- કુપ્ય એટલે ઓછી કિંમતવાળી વસ્તુઓ જેમ કે વસ્ત્ર, વાસણ, સ્ટે-સ્ટીલનું, ફરનીચર વગેરે વસ્તુનું ધારેલું જે માપ હોય તેનાથી વધારે રાખવું તે અતિચાર કહેવાય.

ચોથા અતિચારમાં (દાસી-દાસ પ્રમાણાતિક્રમ) પગારદાર તરીકે દાસી-દાસને જ રાખે પરંતુ તેઓના કામકાજ કરાવે તેવા તેમના પુત્ર-પુત્રીઓને તેઓ સાથે લાવે ત્યારે તેઓ પાસે પણ કામકાજ કરાવે પરંતુ વ્રતભંગ થવાના ભયથી પગાર ન આપે અને તેના માતા-પિતાને (દાસી-દાસને) દોઢ ગણો કે બેગણો પગાર આપી તેઓને સંતોષે અને મનથી માને કે મેં વ્રતપ્રમાણે જ દાસી-દાસ રાખ્યા છે. આ પ્રમાણે આંશિક વ્રતભંગ હોવાથી અતિચાર.

પાંચમા અતિચારમાં (કુપ્ય પ્રમાણાતિક્રમ) પણ ધારેલા માપનું ઉલ્લંઘન ન થઈ જાય એટલે ત્રણ-ચાર ઓછી કિંમતવાળામાંથી એક વધુ કિંમતવાળું બનાવી દે. અથવા નાની બે-ત્રણ વસ્તુ ભંગાવી મોટી એક વસ્તુ કરી દે. આ રીતે રૂપાન્તર કરી વ્રત સાચવ્યાનું મન મનાવે તે સર્વે અતિચારો જાણવા.

હવે છઠ્ઠા વ્રતના અતિચારો ગ્રંથાન્તરથી જણાવે છે.

ઊર્ધ્વાધસ્તિર્યગ્વ્યતિક્રમ-ક્ષેત્રવૃદ્ધિ-સ્મૃત્યન્તર્ધાનાનિ - 7:24

ઊર્ધ્વ - અધઃ - તિર્યગ્ - વ્યતિક્રમ - ક્ષેત્રવૃદ્ધિ - સ્મૃતિ - અન્તર્ધાનાનિ - 7:24

**સૂત્રાર્થ:** ઊર્ધ્વદિશા, અધોદિશા, તિર્યગ્દિશાના માપનું ઉલ્લંઘન (વ્યતિક્રમ) કરવું, ક્ષેત્રવૃદ્ધિ કરવી, ધારેલું માપ ભૂલી જવું આ સર્વે દિશા-વિરમણવ્રત (દિગ્વિરતિ વ્રત)ના પાંચ અતિચારો છે.

**ભાવાર્થ:** ચાર દિશા, ચાર વિદિશા અને ઉપર-નીચે એમ દશ દિશાઓમાં અમુક માપથી જવું આવો નિયમ ધારવો તે છઠ્ઠું દિક્પરિમાણ વ્રત. તેના પાંચ અતિચારો નીચે પ્રમાણે છે.

(1) ઊર્ધ્વદિશા વ્યતિક્રમ:- ઉપરની દિશામાં ધારેલા માપ કરતાં વધારે જવું. જેમ કે પર્વત ઉપર અધિક ચઢવું.

(2) અધોદિશા વ્યતિક્રમ:- નીચેની દિશામાં ધારેલા માપ કરતાં વધારે જવું. જેમકે કુવામાં કે ભોંયરામાં અધિક નીચે ઉતરવું.

(3) તિર્યગ્દિશા વ્યતિક્રમ: ઉપર અને નીચેની દિશા સિવાયની ચાર દિશામાં તથા ચાર વિદિશામાં ધારેલા માપ કરતાં વધુ જવું, તે અતિચાર.

આ ત્રણે ભૂલથી થાય તો અતિચાર છે. જાણી જોઈને કરે તો સર્વથા વ્રતભંગ થાય છે.

(૪) ક્ષેત્ર વૃદ્ધિ: એક દિશાનું માપ બીજી દિશામાં ઉમેરવું. જેમ કે ચારે દિશામાં ૧૦૦-૧૦૦ માઈલ જવાનું ધાર્યું હોય અને કોઈક કારણે પૂર્વ દિશામાં ૨૦૦ માઈલ જવાનું પ્રયોજન ઉપસ્થિત થયું. તે વખતે પશ્ચિમ દિશામાં જવાનું નથી માટે પશ્ચિમ દિશાના ૧૦૦ માઈલ પૂર્વ દિશામાં ઉમેરીને જવાનો વ્યવહાર કરવો અને મનને મનાવવું કે મારી ધારેલી દિશાનું જે માપ છે તે ફેરફાર કર્યું છે પરંતુ હું અધિક ગયો નથી. અહીં નિયમભંગ થવા છતાં કુલ સંખ્યા કાયમ રહેવાથી અપેક્ષાએ અતિચાર છે.

(૫) સ્મૃત્યન્તર્ધાન: ધારેલી દિશાના નિયમને ભૂલી જવું તે. જે પ્રમાણ ધાર્યું હોય તે જો યાદ ન રહે તો ધારેલાથી અધિક ન જા જશે તો પણ અતિચાર લાગે. કારણ કે જો સ્મૃતિ ન રહી તો જ અતિચાર સ્મૃતિ ન રહેવાથી વ્રતનું યથાર્થ પાલન થઈ શકતું નથી.

પ્રશ્ન: જો "સ્મૃતિ ન રહે" તેને અતિચાર કહેવાય તો બાર વ્રતોમાં જે જે મર્યાદા ધારી હોય તે તે યાદ ન રહે તો આ અતિચાર બધા જ વ્રતોમાં હોવો જોઈએ. દિશાપરિમાણ નામના છઠ્ઠા વ્રતમાં જ કેમ?

સમાધાન: તમારી વાત સાચી છે. વાસ્તવિકપણે આ અતિચાર સર્વત્ર છે. છતાં પાંચની સંખ્યા પૂર્ણ કરવા અહીં અતિચાર તરીકે કહ્યો છે. બીજા વ્રતોમાં આ અતિચારની ગણતરી વિના પાંચ થઈ જાય છે માટે ત્યાં આ અતિચાર કહ્યો નથી.

આનયન - પ્રેષ્યપ્રયોગ - શબ્દ - રૂપ - અનુપાત
પુદ્ગલક્ષેપા : ---- ૭-૨૬

સૂત્રાર્થ: આનયન, પ્રેષ્યપ્રયોગ, શબ્દાનુપાત, રૂપાનુપાત અને પુદ્ગલપ્રક્ષેપ એ પાંચ દેશાવગાસિક (દિગ્વિરતિ) વ્રતના અતિચારો છે.

ભાવાર્થ: ધારેલા ક્ષેત્રના પ્રમાણથી બહાર જવું નહીં આવું જે વ્રત તે દેશાવગાસિક વ્રત. દિશાનો અત્યંત સંક્ષેપ કરવો તે દેશવ્રત. જેમકે આજે ઘરની બહાર જવું નહિ અથવા જે street માં રહીએ તેની બહાર જવું નહિ. આમ આ વ્રતમાં દિશાનો અત્યંત સંક્ષેપ કરવામાં આવે છે.

આ નિયમ લીધા પછી તેને પાળવા માટે ૮ અથવા ૧૦ સામાયિક કરાય છે. પરંતુ માત્ર સામાયિક કરવા તે આ વ્રત નથી. સામાયિક કરવાનો વ્યવહાર આ નિયમના પાલનનો ઉપાય માત્ર છે. તેવું વ્રત લીધા પછી દિશાની બહારનો વ્યવહાર કરવામાં આવે તો અતિચાર કહેવાય છે. પાંચ અતિચારો નીચે પ્રમાણે છે.

(૧) આનયનપ્રયોગ:- ધારેલા ક્ષેત્રના પ્રમાણની બહારથી કંઈપણ મંગાવવું.

(૨) પ્રેષ્યપ્રયોગ:- ધારેલા ક્ષેત્રના પ્રમાણથી બહાર કંઈપણ મોકલવી.

(૩) શબ્દાનુપાત: નજીકમાં ખોંખારો, ઉધરસ ખાવીને અથવા દૂરથી ટેલિફોન વગેરેથી (શબ્દોના અનુપાતથી) કોઈ વ્યક્તિને પોતાની પાસે બોલાવવી.

(૪) રૂપાનુપાત :- દિશાના ધારેલા માપ બહાર ઉભેલી વ્યક્તિ સાથે વાતચીત કરવા અથવા મર્યાદાની અંદર બોલાવવા પોતાનું રૂપ દેખાડવું, હાથ, મુખ કે આંખના ઈશારા કરવા અથવા બીજા પ્રકારની પ્રતિબિંબ દેખાડવાની ચેષ્ટા કરવી તે.

(૫) પુદ્ગલપ્રક્ષેપ: કાંકરો, ઢેફું અથવા કોઈપણ પૌદ્ગલિક વસ્તુ તેના ઉપર નાંખી બહાર ઉભેલી વ્યક્તિનું ધ્યાન દોરે, અથવા કાગળવડે સૂચના પ્રકાશનું પ્રતિબિંબ તેના તરફ ફેંકે. આ રીતે બહારની વ્યક્તિનું ધ્યાન દોરી મર્યાદાની અંદર બોલાવી વાતો કરે.

અહીં ઉપર જણાવેલા પાંચ અતિચારોમાં પોતે ધારેલા દિશાના માપથી બહાર જતો નથી માટે વ્રતભંગ થતો નથી. પરંતુ બીજાને મોકલે છે અથવા બીજા દ્વારા કામ કરાવે છે એટલે બહાર ન જવાનો અને હિંસા ન આચરવાનો આશય જળવાતો નથી, એટલે પરમાર્થથી તો વ્રતભંગ થાય જ છે. એમ આંશિક ભંગ હોવાથી અતિચાર કહેવાય છે.

પ્રથમના બે અતિચારોમાં હું તો ધારેલા નિયમ બહાર જતો જ નથી માટે મારું વ્રત ભાંગશે નહિ એવી અજ્ઞાનતા છે માટે અતિચાર છે. કારણ કે બીજા પાસે કરાવવામાં જયણા અને ઉપયોગદશાના અભાવે વધારે હિંસા આદિ થાય. આ વ્રતના હિંસાદિ ન કરવા એ આશય જળવાતો નથી માટે અતિચાર છે. છેલ્લા ત્રણ (અતિચારો) માં શબ્દ-રૂપ-અને પુદ્ગલ નાંખવા દ્વારા આ બધા ચાળા કરે છે માટે અતિચાર છે.

કંદર્પ - કૌત્કુચ્ય - મૌખર્યાસમીક્ષ્યાધિકરણોપભોગા-
ધિકત્વાનિ . . . . . . ૭-૨૭

કંદર્પ- કૌત્કુચ્ય- મૌખર્ય- અસમીક્ષ્ય- અધિકરણ
ઉપભોગ અધિકત્વાનિ ૭-૨૭

સૂત્રાર્થ: કંદર્પ, કૌત્કુચ્ય, મૌખર્ય, અસમીક્ષ્યાધિકરણ, અને ઉપભોગાધિકત્વ આ પાંચ અનર્થદંડવિરતિ વ્રતના અતિચારો છે.

ભાવાર્થ: પ્રયોજન વિના પાપ કરવું તે અનર્થદંડ તેનો ત્યાગ કરવો તે અનર્થદંડવિરતિ તેવા પ્રકારના આઠમા વ્રતના અનર્થદંડવિરતિ નામના સૂત્રક્રમ પ્રમાણે પાંચ અતિચારો નીચે પ્રમાણે છે.

(૧) કંદર્પ:- હૃદયના રાગ પરિણામ યુક્ત, હાસ્યની ઉત્તેજક અશિષ્ટ (અસભ્ય- શબ્દો સાથે કામવાસનાના ઠઠ્ઠા મશ્કરી સાથે કામ- અનુચિત) વચનો બોલવા. વાસના વર્ધક શબ્દ પ્રયોગો કરવા.

(૨) કૌત્કુચ્ય: રાગપરિણામ યુક્ત હાસ્ય-મશ્કરીની સાથે કામવાસના વર્ધક શારીરિક ચેષ્ટાઓ કરવી. મુખ- આંખ અને હાથના ઈશારા કરવા તથા અસભ્ય વચનો પણ બોલવા.

કંદર્પ કરતાં કૌત્કુચ્યમાં શારીરિક ચેષ્ટા પ્રયોગ પણ હોય છે. હાસ્ય અને અશિષ્ટ વચન પ્રયોગ બંનેમાં હોય છે.

(3) મૌખર્ય:- કુચેષ્ટાપૂર્વક જરૂરિયાત વિનાનું વધારે પડતું અસભ્ય બોલ બોલ કરવું.

(4) અસમીક્ષ્યાધિકરણ:- વિચાર કર્યા વિના પાપના સાધનો ઘરમાં વધારે રાખવા. ચપ્પુ-છરી-તલવાર, ભાલા વગેરે શસ્ત્રો ઘરમાં હશે તો ક્યારેક પ્રસંગો કામ આવશે એવી બુદ્ધિથી જરૂરિયાત કરતા વધારે રાખવા. વધારે રાખીએ તો અને આડોશી-પાડોશી વાળા અથવા સગા-સ્નેહીઓ માંગે ત્યારે ના પડાય નહી અને આપવાથી હિંસા થવામાં નિમિત્ત બનીએ માટે વધુ સાધનો-શસ્ત્રો રાખવા તે અતિચાર.

(5) ઉપભોગાધિકત્વ:- ભોગ-ઉપભોગના, મોજશોખના સાધનો વધારે રાખવા. જેમ કે ડીઓડરન્ટ, પરફ્યુમ - લોશન - સાબુ - પાવડર - કોલ્ડ-ક્રીમ વગેરે વસ્ત્રો તથા શરીર શણગારની ચીજો વધારે રાખવી. બીજા પણ કોઈ માંગે ત્યારે આપવાથી હિંસા અને રાગ આદિની વૃદ્ધિ થાય માટે અતિચાર.

ઉપરોક્ત કાર્ય જાણી જોઈને કરે તો વ્રતભંગ થાય અને અનાભોગે થાય તો અતિચાર ગણાય છે.

આર્ત-રૌદ્ર ધ્યાન કરવા સ્વરૂપ દુર્ધ્યાન કરવું એ પણ અપધ્યાન રૂપ આ વ્રતનો અતિચાર છે તે સ્વયં સમજી લેવો.

યોગ દુષ્પ્રણિધાનાનાદર સ્મૃત્યનુપસ્થાપનાનિ ૭-૨૮

યોગ - દુષ્પ્રણિધાન - અનાદર - સ્મૃતિ - અનુપસ્થાપનાનિ ૭-૨૮

સૂત્રાર્થ: મન, વચન અને કાયાના (ત્રણે) યોગોનું દુષ્પ્રણિધાન, અનાદર અને સ્મૃત્યનુપસ્થાપન આ પાંચ સામાયિક વ્રતના અતિચારો છે.

ભાવાર્થ: મન, વચન અને કાયાના યોગોનો સામાયિકમાં દુરુપયોગ કરવો, અનાદરભાવ રાખવો અને સામાયિકનું સ્મરણ ન રહેવું તે પાંચ સામાયિકવ્રતના અતિચારો છે.

(૧) મન દુષ્પ્રણિધાન: મનના ૧૦ દોષો:

(૧) અવિવેક: વિવેક વિના, આવી ક્રિયાથી શું ફળ મળશે તેવા વિચારો કરવા.

(૨) યશકીર્તિની વાંછા: લોકો પોતાની પ્રશંસા કરે તેવી વાંછા કરવી.

(૩) ધનની વાંછા: પ્રભાવના કે ફળરૂપે ધનની વાંછા કરવી.

(૪) ગર્વ: સામાયિક કરીને "ધર્મી" તરીકેનો અહંકાર કરવો.

(૫) ભય: હું સામાયિક નહીં કરું તો લોકો શું કહેશે? એવા ભયથી સામાયિક કરવું.

(૬) નિદાન: આ લોક-પરલોકના સાંસારિક સુખોની વાંછા કરવી.

(૭) સંશય: સામાયિકનું ફળ મળશે કે નહિ તેવો સંશય રાખવો.

(૮) કષાય: ક્રોધાદિ કષાયોથી સામાયિક કરવું.

(૯) અવિનય: જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તેના ધારક સાધુ પ્રત્યે શ્રદ્ધા-વિનય વગર સામાયિક કરવું.

(૧૦) અબહુમાન: સામાયિક પ્રત્યે પૂજ્યભાવ-આદરભાવ ન રાખવો.

(૨) વચનના દુષ્પ્રણિધાન: વચનના ૧૦ દોષો સેવવા.
(૧) કુવચન : કડવું, અપ્રિય કે અસત્ય વચન બોલવું.
(૨) સહસાકાર : વગર વિચાર્યે અનુચિત શબ્દો બોલવા
(૩) અસદારોપણ : કોઈના ઉપર ખોટા આરોપો મુકતા વચન બોલવા.
(૪) નિરપેક્ષ : શાસ્ત્ર મર્યાદાની અપેક્ષા રાખ્યા વિના વચનો બોલવા
(૫) સંક્ષેપ : સૂત્રો ટુંકાવીને બોલવા
(૬) કલહ : ઝઘડો કરવો
(૭) વિકથા : સ્ત્રીકથા, ભક્તકથા આદિ વિકથાઓ કરવી
(૮) હાસ્ય : સામાયિકમાં મશ્કરી-મજાક વાળા વચનો બોલવા
(૯) અશુદ્ધ : સૂત્રો અશુદ્ધ બોલવા
(૧૦) અસ્પષ્ટ : બીજો કોઈ બરાબર ન સમજી શકે તેવા અસ્પષ્ટ સૂત્રો બોલવા.

(૩) કાય દુષ્પ્રણિધાન :
(૧) આસન : પગ ઉપર પગ ચડાવીને અવિવેકથી બેસવું.
(૨) ચલિતાસન : વારંવાર ઉઠવું. બીજા સ્થાને નિષ્પ્રયોજન બેસવું.
(૩) ચલદ્રષ્ટિ : સામાયિકમાં ચારેબાજુ નિષ્પ્રયોજન આંખો ફેરવ્યા કરવી.
(૪) સાવદ્ય ક્રિયા : સંસારિક આરંભ-સમારંભના કામો કરવા - કરાવવા.
(૫) આલંબન : દિવાલ, થાંભલા આદિનો ટેકો રાખીને બેસવું.
(૬) આકુંચન : હાથ-પગ આદિ પહોળા કરવા અને સંકોચવા
(૭) આળસ : અંગ મરડવું - બગાસા ખાવા.
(૮) મોટન : હાથ-પગની આંગળીઓના ટચાકા ફોડવા.
(૯) મલ : હાથ-પગ અને શરીરનો મેલ ઉતારવો.
(૧૦) વિમાસણ : ગાલ ઉપર હાથ રાખી ઉદાસીનતાથી બેસવું.
(૧૧) નિંદ્રા : ઝોકા ખાવા - ઊંઘી જવું.
(૧૨) વસ્ત્રસંકોચન : ઠંડી આદિના ભયથી વસ્ત્ર સંકોચવા.

(૪) અનાદર: સામાયિક પ્રત્યે અનાદર-તિરસ્કાર અબહુમાન રાખવું. ઉપેક્ષાવૃત્તિ રાખવી. અવસરે સામાયિક ન કરવું.

(૫) સ્મૃતિ-અનુપસ્થાપન: સામાયિક લીધું કે ન લીધું? ક્યારે લીધું? સૂત્રો બરાબર બોલાયા કે ન બોલાયા વગેરેનો ઉપયોગ ન રહેવો.

ઉપરના પાંચ અતિચારો જો ઉતાવળીયા સ્વભાવના કારણે કે અનાભોગ વગેરે (અનુપયોગથી) સેવાઈ જાય તો જ અતિચાર કહેવાય પરંતુ જાણી જોઈને દોષો સેવવામાં આવે તો વ્રતભંગ જ સમજવો.

અપ્રત્યવેક્ષિતાપ્રમાર્જિતોત્સર્ગાદાન-નિક્ષેપ-સંસ્તારોપક્રમણાનાદરસ્મૃત્યનુપસ્થાપનાનિ ૭-૨૯

અપ્રત્યવેક્ષિત - અપ્રમાર્જિત - ઉત્સર્ગ- આદાન - નિક્ષેપ - સંસ્તાર - ઉપક્રમણ - અનાદર - સ્મૃતિ અનુપસ્થાપનાનિ ૭-૨૯

સૂત્રાર્થ: અપ્રત્યવેક્ષિત-અપ્રમાર્જિત-ઉત્સર્ગ, અપ્રત્યવેક્ષિત-અપ્રમાર્જિત-આદાનનિક્ષેપ, અપ્રત્યવેક્ષિત-અપ્રમાર્જિત-સંસ્તારોપક્રમણ, અનાદર અને સ્મૃત્યનુપસ્થાપન એ પાંચ પૌષધોપવાસ (પૌષધ) વ્રતના અતિચારો છે.

ભાવાર્થ: દસમા પૌષધવ્રતના પાંચ અતિચારો નીચે પ્રમાણે છે.
અતિચારમાં વપરાતા શબ્દો પહેલા સમજી લઈએ.
અપ્રત્યવેક્ષિત એટલે જોયા વિના અથવા જુએ તો પણ બરાબર ન જુએ.
અપ્રમાર્જિત એટલે ચરવળાથી પ્રમાર્જ્યા વિના અથવા પ્રમાર્જના કરે પરંતુ બરાબર ન કરે.
ઉત્સર્ગ એટલે ત્યાગ. ઉપરના બંને શબ્દો ઉત્સર્ગની સાથે, આદાન નિક્ષેપની સાથે અને સંસ્તારોપક્રમણની સાથે જોડવા. હવે પાંચ અતિચારો સમજીએ.

(૧) અપ્રત્યવેક્ષિત અપ્રમાર્જિત ઉત્સર્ગ:
ભૂમિને જોયા વિના અથવા બરાબર જોયા વિના, તથા ભૂમિને ચરવળાથી પૂંજ્યા વિના અથવા બરાબર પૂંજ્યા વિના ભૂમિ ઉપર મળ-મૂત્ર-થૂંક આદિનો ત્યાગ (ઉત્સર્ગ) કરવો.

(૨) અપ્રત્યવેક્ષિત અપ્રમાર્જિત - આદાન નિક્ષેપ:
ઉપર મુજબ જ જોયા વિના, બરાબર જોયા વિના, પૂંજ્યા વિના, બરાબર પૂંજ્યા વિના, વસ્તુઓ લેવી (આદાન) અને મૂકવી (નિક્ષેપ)

(૩) અપ્રત્યવેક્ષિત અપ્રમાર્જિત - સંસ્તાર-ઉપક્રમણ
જોયા વિના, બરાબર જોયા વિના, પૂંજ્યા વિના અને બરાબર પૂંજ્યા વિના સંથારો (સંસ્તાર), આસન તથા સુવા બેસવાના ઉપકરણો પાથરવા, ગોઠવવા.

(૪) અનાદર:
પૌષધમાં આદર-બહુમાન ન રાખવું. જેમ તેમ અનાદરથી પૌષધ પૂર્ણ કરવો, અથવા ક્રિયાઓમાં ધ્યાન ન રાખવું.

(૫) સ્મૃત્યનુપસ્થાપન:

પૌષધ લીધો કે ન લીધો? કયા સમયે લીધો? સૂત્રો બરાબર બોલાયા કે ન બોલાયા? વિધિ આદિનું વિસ્મરણ થવું. ભૂલી જવું.

આ પાંચે અનાભોગપણે સેવાય તો અતિચાર લાગે પરંતુ જાણી જોઈને સેવાય તો અનાચાર થવાથી વ્રતભંગ કારણ છે.

સચિત્ત - સંબદ્ધ - સંમિશ્રાભિષવ - દુષ્પક્વાહારા: ૭-30

સચિત્ત - સંબદ્ધ - સંમિશ્ર - અભિષવ - દુષ્પક્વ - આહારા: ૭-30

સૂત્રાર્થ: સચિત્ત આહાર, સચિત્ત સંબદ્ધ આહાર, સચિત્તસંમિશ્ર આહાર, અભિષવ આહાર અને દુષ્પક્વ આહાર એ પાંચ ઉપભોગ પરિભોગ પરિમાણ વ્રતના અતિચારો છે.

ભાવાર્થ: એકવાર ભોગવાય તે પુષ્પ, આહારાદિ ઉપભોગ અને વારંવાર ભોગવાય તે ઘર, વસ્ત્રાદિ તે પરિભોગ. તેનું પરિમાણ (માપ) ધારવું તે ભોગોપભોગનું વ્રત. તેના પાંચ અતિચાર નીચે પ્રમાણે છે.

(૧) સચિત્ત આહાર:- ઠળીયાવાળી વસ્તુ દાડમ, ભીંડું, કેરી, કાચું મીઠું, સરબૂં વગેરે વસ્તુનો ત્યાગ હોવા છતાં ત્યાગનો ઉપયોગ ન રહેવાથી અથવા વસ્તુ સચિત્ત છે કે અચિત્ત છે તેનું જ્ઞાન ન હોવાથી તથા આહારનો ઉપયોગ કરે તો અતિચાર. પરંતુ સચિત્ત છે તેમ જાણવા છતાં જો તેનો ઉપયોગ કરે તો વ્રતભંગ થાય.

(૨) સચિત્ત સંબદ્ધ આહાર:

સચિત્તની સાથેના સંબંધવાળી વસ્તુનો આહાર કરવો તે, જેમકે ઠળીયાવાળા બોર, ગોટલીવાળી કેરી વગેરેનો વપરાશ કરવો તે. સચિત્તભાગનો ત્યાગ કરીને અને અચિત્ત વસ્તુનો ઉપભોગ કરીને એમ વ્રતપાલનની અપેક્ષા છે પરંતુ વ્રતનો આશય જે અપેક્ષા છે તે સમજાતો નથી તેથી વ્રતભંગ. એમ આંશિક વ્રતભંગ હોવાથી અતિચાર.

(૩) સચિત્ત સંમિશ્ર આહાર:

કંઈક સચિત્ત જેમાં મિશ્ર થયેલું હોય તેવી વસ્તુનો ઉપયોગ કરવો જેમકે લીંબુ નિચોવેલા દાળ શાક ખાવા, તલ ખસખસવાળા લાડુ ખાવા.

(૪) અભિષવ આહાર:

અભિષવ એટલે વધારે વિકાર, વાસના કે નશો માદક પદાર્થો અથવા સૂક્ષ્મ જંતુવાળા પદાર્થોનો આહાર કરવો.

(૫) દુષ્પક્વ આહાર:

બરાબર ન રંધાયેલું, કાચું પાકું રહેલું ખાવું. જેમકે મકાઈના ડોડા, અર્ધ પકવેલી ભાખરી વગેરે.

દિગંબર પ્રકરણો તથા વાચકના સૂત્રોમાં ઉપર જણાવેલ પાંચ અતિચારોમાં છેલ્લા ત્રણ અતિચારો કંઈક જુદી રીતે મૂક્યા કહેલ છે. એ ત્રણ અતિચારોના નામ છે. અપક્વ આહાર, દુષ્પક્વઆહાર અને તુચ્છૌષધિભક્ષણ-

અપક્વઆહાર :- પકાવ્યા વિનાનો કાચો આહાર કરવો

દુષ્પક્વઆહાર :- અર્ધો પાકેલો અને અર્ધો કાચો આહાર કરવો.

તુચ્છૌષધિભક્ષણ: તુચ્છ વસ્તુનું ભોજન કરવું. જેમાં ખાવાનું થોડું અને ફેંકી દેવાનું વધારે જેમ કે સીતાફળ, બોરડી અચિત્ત જો આસક્તિ છૂટી ન હોય તો તુચ્છૌષધિ કહેવાય.

પ્રશ્ન: તુચ્છ વસ્તુના ભક્ષણમાં જો તુચ્છ વસ્તુ સચિત્ત હોય તો પ્રથમ અતિચારમાં જ તે સમાવેશ થાય છે અને જો અચિત્ત હોય તો તેના ભક્ષણમાં અચિત્ત હોવાથી અતિચાર ન લાગવા જોઈએ.

સમાધાન: તમારી વાત સાચી છે. સચિત્ત હોય ત્યારે પ્રથમ અતિચારમાં જ આવી જાય છે. પરંતુ જ્યારે અચિત્ત હોય છે ત્યારે થોડી અચિત્ત વસ્તુ ખવાય છે અને ઘણો ભાગ ફેંકી દેવાનો હોવાથી નિરર્થક લોલુપતાથી જ આ પાપ થાય છે. આથી તેવી વસ્તુના ભક્ષણમાં રસની લોલુપતા અધિક હોવાથી અતિચાર ગણાય છે.